# ગુજરાત જાહેર સેવા આયોગ

## છ-૩ સર્કલ પાસે, છ રોડ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

### અગત્યની જાહેરાત

### જાહેરાત ક્રમાંક ૧૦૦/૨૦૧૯-૨૦, ફોરેન્સીક મેડીસીન વિષયના મદદનીશ પ્રાધ્યાપક (વર્ગ-૧) ની જગ્યાઓમાં ફેરફાર

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકની મેડિકલ કોલેજો અને તેને સંલગ્ન સંસ્થાઓ ખાતે વિવિધ વિષયોના મદદનીશ પ્રાધ્યાપક, સામાન્ય રાજ્ય સેવા (વર્ગ-૧) ની સીધી ભરતીથી ઉમેદવારો પસંદ કરવા માટે જાહેરાત ક્રમાંક ૮૪/૨૦૧૯-૨૦ થી ૧૦૭/૨૦૧૯-૨૦ આયોગ દ્વારા તા. ૧૫/૧૧/૨૦૧૯ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવી હતી. તત્કાલીન સમયે વિભાગ દ્વારા આ જગ્યાઓની સંખ્યા નિવૃત્તિ, રાજીનામા તેમ જ બઢતી અથવા અન્ય કારણોસર વધ કે ઘટ થાય તેવી સંભાવના રહેશે તેમ જણાવવામાં આવેલ. તદ્‌નુસાર આયોગ દ્વારા પ્રસિધ્ધ કરેલ જાહેરાતોમાં આ જોગવાઇનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

ઉપર્યુક્ત જાહેરાતો પૈકી જાહેરાત ક્રમાંક ૧૦૦/૨૦૧૯-૨૦, ફોરેન્સીક મેડીસીન વિષયના મદદનીશ પ્રાધ્યાપક (વર્ગ-૧)ની જાહેરાતમાં મૂળ માંગણીપત્રકમાં દર્શાવેલ જગ્યાઓ મુજબ કુલ ૧૦ જગ્યાઓ માટે જાહેરાત આપવામાં આવેલ હતી. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલ વધુ કુલ ૦૩ જગ્યાઓની દરખાસ્તને ધ્યાને લેતાં મૂળ જાહેરાતોમાં દર્શાવેલ જગ્યાઓમાં વધારો થતાં **હવે કુલ ૧૩ જગ્યાઓ** ધ્યાને લેવાની રહે છે અર્થાત નીચેના કોષ્ટક – ૨ માં દર્શાવેલ સંખ્યા મુજબ ભરતી પ્રક્રિયા હાથ ધરાશે. અન્ય બાબતો મુળ જાહેરાતની જોગવાઇઓ મુજબ યથાવત રહેશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી છે.

### મૂળ જાહેરાતની જગ્યાઓ (કોષ્ટક – ૧)

| કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સામાન્ય | આ.ન. વર્ગ | સા.અને શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સામાન્ય | આ.ન. વર્ગ | સા.અને શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ |
| ૧૦ | ૦૨ | ૦૧ | ૦૫ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |

## મૂળ જાહેરાતની જગ્યાઓમાં સુધારા બાદની અદ્યતન જગ્યાઓ (કોષ્ટક – ૨)

| કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સામાન્ય | આ.ન. વર્ગ | સા.અને શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સામાન્ય | આ.ન. વર્ગ | સા.અને શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ |
| ૧૩ | ૦૩ | ૦૨ | ૦૫ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |

સહી/-

પી. આર. જોષી IAS

સંયુક્ત સચિવ

ગુજરાત જાહેર સેવા આયોગ

તા. ૧૦/૦૩/૨૦૨૧